




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-29 ■ તા. 11-07-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# મોદી મંત્રીમંડળના ૪૨ ટકા ચહેરાઓ ગુનાહિત: ૯૦ ટકા કરોડપતિ

**કેન્દ્રીય મંત્રીમંડળના ૭૮ પ્રધાનોમાંથી ૪૨ ટકાએ પોતાની સામે આપરાધિક કેસ હોવાનું જાહેર કર્યુ, ૩૧ પ્રધાનોએ હત્યા,હત્યાનો પ્રયાસ,લૂંટ જેવા ગંભીર કેસની જાહેરાત કરી, ૮ પ્રધાનોની સંપત્તિ ૧ કરોડથી ઓછી છે,સૌથી ગરીબ પ્રતિમા ભૌતિક**

*ન્યુ દિલ્હી,તા.૧૦*

મોદી સરકારના બીજા કાર્યકાળના પહેલા કેબિનેટ વિસ્તરણ પછી ૭૮ પ્રધાનોનું પ્રધાન મંડળ અત્યાર સુધીનું સૌથી યુવા અને સૌથી શિક્ષિત છે. પણ ગુનાહિત કેસોનું કલંક આ પ્રધાન મંડળમાં પણ ઓછું નથી.

નવા પ્રધાન મંડળના ૪૨ ટકા ચહેરાઓ ગુનાહિત કેસનો સામનો કરી રહ્યા છે. આ દાવો નેશનલ ઈલેકશન વોચ અને એસોસીએશન ફોર ડેમોક્રેટીક રિફોર્મ્સ (એડીઆર)એ પોતાના તાજા રિપોર્ટમાં કર્યો છે. જોકે રિપોર્ટમાં એ પણ કહેવાયું છે કે પહેલીવાર દેશના દરેક ખુણાને પ્રધાન મંડળમાં પ્રતિનિધિત્વ મળ્યું છે.

બધા પ્રધાનોના શપથપત્રોના વિશ્લેષણ પછી બહાર પડાયેલ રિપોર્ટ મુજબ પ્રધાનમંડળના ૭૮માંથી ૩૩ પ્રધાનો એટલે કે કુલ ૪૨ ટકાએ પોતાના પર ગુનાહિત કેસ હોવાની વાત સ્વીકારી છે. એમાંથી ૨૪ પ્રધાનો એટલે કે ૩૧ ટકા ઉપર ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આ ગુનાઓમાં હત્યા, હત્યાનો પ્રયાસ, લૂંટ જેવા ગંભીર અપરાધ નોંધાયેલ છે. પશ્ચિમ બંગાળના અલીપુરદ્વારના સાંસદ અને લઘુમતિ બાબતોના રાજ્યપ્રધાન જોન બરલા પર ૨૪ ગંભીર પ્રકારની કલમોવાળા ૯ કેસ અને ૩૮ અન્ય કેસો છે.

કૂચબિહારના સાંસદ અને ગૃહ રાજ્યપ્રધાન નિશિત પ્રમાણિક પર ૧૧ કેસ ગંભીર પ્રકારની ૨૧ કલમોના છે. નાણા રાજ્યમંત્રી બનાવાયેલા ઉત્તરપ્રદેશના મહારાજગંજના સાંસદ પંકજ ચૌધરી પર હત્યાના પ્રયાસના કુલ પાંચ કેસ નોંધાયેલા છે.

રિપોર્ટ અનુસાર, કેન્દ્રીય કેબીનેટના પાંચ મંત્રીઓ પર સાંપ્રદાયિકતા ફેલાવવાના અને ધાર્મિક ભાવના ભડકાવવાના આરોપ છે. તેમાં ગ્રામીણ વિકાસ અને પંચાયત રાજ પ્રધાન ગિરિરાજસિંહ, કૃષિ રાજ્ય મંત્રી શોભા કરંદલાજે, ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાજ્ય અને કોલસા મંત્રી પ્રહલાદ જોષી સામેલ છે. નિતીન ગડકરી સહિત સાત પ્રધાનો પર ચૂંટણી દરમિયાન ગેરકાયદેસર રીતે આર્થિક લાભ ઉઠાવવાના આરોપ છે.

એડીઆરના રિપોર્ટ અનુસાર, ૭૮માંથી ૭૦ પ્રધાનો કરોડપતિ છે, જે મોદી મંત્રીમંડળનો ૯૦ ટકા હિસ્સો છે. તેમાંથી ૪ પ્રધાનોની સંપત્તિ ૫૦ કરોડથી વધારે છે. સૌથી વધારે ૩૭૯ કરોડ રૂપિયાની સંપત્તિ નાગરિક ઉડ્ડયન પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાની છે.કાપડ મંત્રી પીયુષ ગોયલની કુલ સંપત્તિ ૯૫ કરોડથી વધારે છે. એમએસએમઈ મંત્રી નારાયણ રાણેના નામે ૮૭ કરોડથી વધુ અને ઈલેક્ટ્રોનિક અને સૂચના પ્રાદ્યોગિકી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરના નામે ૬૪ કરોડથી વધારેની સંપત્તિ છે.આઠ પ્રધાનોની સંપત્તિ એક કરોડથી પણ ઓછી છે, જેમાં સામાજીક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રી બનેલ પ્રતિમા ભૌમિકના નામે ફકત છ લાખ રૂપિયાની કુલ સંપત્તિ છે. તેમને સૌથી ગરીબ પ્રધાન કહી શકાય. જોન બરલાના નામે ૧૪ લાખ અને કૃષિ રાજ્યમંત્રી કૈલાસ ચૌધરીના નામે ૨૪ લાખની સંપત્તિ છે.

આ કેબિનેટમાં ફકત ૧૨ પ્રધાનો (૧૫ ટકા)ની શૈક્ષણિક લાયકાત ૮ થી ૧૨ ધોરણ વચ્ચે છે. જ્યારે ૬૪ પ્રધાનો એટલે કે ૮૨ ટકા સ્નાતક અને તેનાથી વધારે લાયકાત ધરાવે છે. આમાં બે પ્રધાનો ડીપ્લોમાં હોલ્ડર છે તો ૧૭ સ્નાતક છે. અન્ય ૧૭ પાસે પ્રોફેશ્નલ સ્નાતક ડીગ્રી છે અને ૨૧ પ્રધાનો પોસ્ટ ગ્રેજ્યુએટ અને ૯ ડોકટર છે.

# પેટ્રોલમાં ૩૫ અને ડિઝલમાં ૨૬ પૈસાનો વધારો: દિલ્હીમાં પેટ્રોલ ૧૦૦ રૂ.ને પાર



ન્યુ દિલ્હી,તા.૧૦

આજે શનિવારે ૧૦ જુલાઈના રોજ પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધુ એક વખત વધારો થયો છે. ઓઈલ કંપનીઓએ આજે કિંમતમાં વધારો કર્યો છે. આજે દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમતમાં લીટરે ૩૫ પૈસાનો જ્યારે ડીઝલની કિંમતમાં ૨૬ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૧૦૦.૯૧ રૂપિયા પ્રતિ લીટર થી છે. જ્યારે ડીઝલની કિંમત ૮૯.૮૮ રૂપિયા પ્રતિ લીટર થઈ છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા શુક્રવારે ઓઈલ કંપનીઓએ ડીઝલની કિંમત સ્થિર રાખી હતી.ઉલ્લેખનીય છે કે હાલ પેટ્રોલ-ડીઝલની કિંમતમાં રાહતની કોઈ આશા નથી. ક્રૂડ પ્રોડકશનને લઈને ઓપેક પ્લસ દેશોની બેઠકમાં કોઈ સહમતિ નથી બની. જેના પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. જેની અસર ઘરેલૂ બજારમાં કિંમત વધી રહી છે.૧૦ જુલાઈના રોજ અમદાવાદમાં પેટ્રોલની કિંમત રૂ. ૯૭.૬૪ રૂપિયા છે. આજે પેટ્રોલની કિંમતમાં ૦.૩૪ રૂપિયાનો વધારો થયો છે. જ્યારે ડીઝલની કિંમત રૂ. ૯૬.૭૨ રૂપિયા છે. ડીઝલની કિંમતમાં રૂ. ૦.૨૮ રૂપિયાનો વધારો થયો છે.ઉલ્લેખનીય છે કે હાલ પેટ્રોલ-ડીઝલની કિંમતમાં રાહતની કોઈ આશા નથી. ક્રૂડ પ્રોડક્શનને લઈને ઓપેક પ્લસ દેશોની બેઠકમાં કોઈ સહમતિ નથી બની. જેના પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડની કિંમતમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. જેની અસર ઘરેલૂ બજારમાં કિંમત વધી રહી છે.જુલાઈની ૧૦મી તારીખ સુધીમાં ૭ વાર પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારો કરવામાં આવ્યો છે.

## દિલ્હી પોલીસને મોટી સફળતા મળી, ૩૫૦ કિલો ડ્રગ્સ જપ્ત કરાયું

# દિલ્હીમાં ૨૫૦૦ કરોડના ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ: ૪ આરોપીની ધરપકડ

**ત્રણ આરોપીઓની હરિયાણાથી તો એકની દિલ્હીથી ધરપકડ, આ સિન્ડિકેટના તાર પાકિસ્તાન સાથે જોડાયેલા હોવાનો અંદેશો**

*ન્યુ દિલ્હી,તા.૧૦*

દિલ્હી પોલીસના હાથ મોટી સફળતા લાગી છે. દિલ્હી પોલીસે રૂ. ૨૫૦૦ કરોડનું ૩૫૦ કિલો હેરોઈન જપ્ત કર્યું છે. પોલીસ આ આ સાથે ચાર આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે ધરપકડ કરેલા આરોપીઓમાંથી ત્રણ હરિયાણાથી ધરપકડ કરવામાં આવ્યા છે અને એક આરોપીની દિલ્હીથી ધરપકડ કરવામાં આવી છે. આ આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. દેશમાં અત્યાર સુધીની સૌથી મોટી ડ્રગ સિન્ડિકેટ દિલ્હીમાંથી પકડાઈ છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા અત્યાર સુધીનું સૌથી મોટું ડ્રગ્સ પકડી પાડ્યું છે.દિલ્હી સ્પેશિયલ સેલ દ્વારા લગભગ ૩૫૦ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે અને તેની કિંમત રૂ. ૨૫૦૦ થવા જાય છે.પોલીસને મળેલી બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો અને તેમાં ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.આ આરોપીઓની પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવી રહી છે.આ પૈકી ત્રણ આરોપીઓને હરિયાણાથી અને એકને દિલ્હીમાંથી પકડવામાં આવ્યો છે.જોકે આ ડ્રગ્સ સિન્ડિકેટમાં બીજા લોકો પણ સામેલ હોવાની આશંકા પોલીસને છે અને આ મામલામાં બીજા લોકોની પણ ધરપકડ થાય તેવી શક્યતાઓ છે. આ મામલો નાર્કો ટેરરિઝમ સાથે સંકળાયેલો છે. નાર્કો ટેરરિઝમ એન્ગલથી તપાસ જારી છે. આ સિન્ડિકેટના તાર પાકિસ્તાન સાથે જોડાયેલા હોવાનો અંદેશો છે.દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના સીપી નીરજ ઠાકુરે જણાવ્યું હતું કે એ ઓપરેશન મહિનાથી ચાલી રહ્યું હતું. કુલ ૩૫૪ કિલો હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે. એક અફઘાનિસ્તાનના નાગરિકની પણ ધરપકડ કરવામાં આવી છે. આ હેરોઈનની ખેપ કન્ટેઈનર્સમાં છુપાવીને સમુદ્રના રસ્તે મુંબઈથી દિલ્હી આવ્યું હતું. મધ્ય પ્રદેશના શિવપુરીની પાસે ફેક્ટરીમાં એ હેરોઈનને વધુ ફાઈન ક્વોલિટીનું બનાવવાનું હતું.જોકે દિલ્હીમાં અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો પકડાયો હોવાથી સુરક્ષા એજન્સીઓ પણ ચોંકી ઉઠી છે.આ ડ્રગ્સ ક્યાંથી આવ્યુ અને કેવી રીતે વેચવામાં આવતુ હતુ તેની તપાસ ચાલી રહી છે.

# ત્રિપુરામાં કોરોના વાયરસના ડેલ્ટા પ્લસ વેરિયન્ટના ૯૦ ટકા કેસ નોંધાયા

અગરતલા,તા.૧૦

પૂર્વોત્તર રાજ્ય ત્રિપુરામાં અત્યંત સંક્રમણ કોરોના વાયરસના ડેલ્ટા પ્લસ વેરિયન્ટના ૯૦ ટકા કેસ નોંધાયા છે. રાજ્યના અધિકારીઓએ જણાવ્યું હતું કે નમૂનાની જિનોમ સિક્વિન્સીંગના માધ્યમથી ડેલ્ટા પ્લસ ટાઈપ કોરોના વાયરસના આ કેસ વિશે જાણવા મળ્યું છે. ઉત્તરપૂર્વમાં ર્ઝ્ફૈંઢ-૧૯ નો જીવલેણ અને અત્યંત સંક્રમણ ડેલ્ટા વેરિઅન્ટનો આ પહેલો કેસ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ત્રિપુરાએ પશ્ચિમ બંગાળમાં જીનોમ સિક્વેસિંગ માટે ૧૫૧ આરટી-પીસીઆર સેમ્પલ મોકલ્યા હતા. તેમાંથી ૯૦થી વધારે સેમ્પલ્સ ડેલ્ટા પ્લસ વેરિઅન્ટ માટે પોઝિટિવ મળી આવ્યા છે. તેમણે કહ્યું કે, આ ચિંતાનો વિષય છે. આ પેહલા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે કહ્યું કે, ૩૫ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના ૧૭૪ જિલ્લામાં SARS-CoV-2 કોરોના વાયરસના 'ચિંતાના પ્રકાર' મળી આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, તેમાંથી સૌથી વધારે કેસ મહારાષ્ટ્ર, દિલ્હી, પંજાબ, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાંથી છે.

ડેલ્ટા પ્લસ તરીકે ઓળખાતા વાયરસનો પ્રકાર B.1.617.2.1 (AY.1) વધારાના મ્યુટન્ટ સાથેનો એક પ્રકાર છે. મહારાષ્ટ્રમાં સૌ પ્રથમ તેની જાણ કરવામાં આવી હતી અને રાજ્યના ઘણા જિલ્લાઓમાં તેના કિસ્સાઓમાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો હતો. બાદમાં આરોગ્ય મંત્રાલયે આપેલી માહિતીમાં કહેવામાં આવ્યું કે હવે તે ભારતના ઘણા રાજ્યોમાં મળી આવ્યું છે.

# અમૂલ બાદ મધર ડેરીએ દૂધમાં લિટર દીઠ ૨ રૂપિયા થયું મોંઘુ

ન્યુ દિલ્હી,તા.૧૦

પેટ્રોલ-ડીઝલ અને જીવન જરૂરિયાતની ચીજોના ભાવ આસમાને પહોંચતા લોકો મોંઘવારીની ભીંસમાં પીસાઈ રહ્યા છે જયારે લોકોને વધુ એક ઝટકો પડ્યો છે. અમૂલ પછી હવે દૂધ કંપની મધર ડેરીએ પણ દૂધના ભાવમાં વધારો કર્યો છે. મધર ડેરીએ ૧૧ જુલાઈ, ૨૦૨૧ થી દિલ્હી-એનસીઆરમાં તેના દૂધના ભાવમાં લિટર દીઠ ૨ રૂપિયા વધારો કરવાની જાહેરાત કરી છે. નવા ભાવ તમામ પ્રકારના દૂધ માટે લાગુ પડશે. આ પહેલા અમૂલે ૧ જુલાઈથી તેના દૂધના ભાવમાં લિટર દીઠ ૨ રૂપિયા વધારો કર્યો હતો.

અગ્રણી દૂધ સપ્લાયર મધર ડેરીએ –ઉંચી કિંમતના કારણે રવિવારથી દિલ્હી-એનસીઆર અને અન્ય શહેરોમાં દૂધના ભાવમાં લિટર દીઠ રૂ .૨ નો વધારો કર્યો છે. દૂધના ભાવમાં છેલ્લા ૧.૫ વર્ષ પહેલાં ડિસેમ્બર ૨૦૧૯ માં છેલ્લામાં વધારો કરવામાં આવ્યો હતો. દિલ્હી-એનસીઆરમાં દરરોજ ૩૦ લાખ લિટરથી વધુ દૂધ મધર ડેરી વેચે છે.

મધર ડેરીએ જણાવ્યું હતું કે, ૧૧ જુલાઈ, ૨૦૨૧ થી દિલ્હી-એનસીઆરમાં તેના લિક્વિડ દૂધના ભાવમાં લિટર દીઠ ૨ રૂપિયા વધારો કરવાની ફરજ છે. નવા ભાવ તમામ પ્રકારના દૂધ પર લાગુ થશે.

નિવેદનમાં જણાવાયું છે કે છેલ્લા એક વર્ષમાં દૂધનો કુલ ખર્ચ અનેક ગણો વધી ગયો છે, સાથે સાથે ચાલુ મહામારીને કારણે દૂધના ઉત્પાદન ઉપરના સંકટ.

## મારી પુત્રીને બચાવી લો, માતા-પિતાની અરજી પર સુપ્રિમ લાલઘુમ

# લવ જેહાદ મુદ્દે સુપ્રિમે ઓડિશા, જમ્મુ-કાશ્મીર અને ચંદીગઢ પ્રશાસનને નોટિસ ફટકારી

ન્યુ દિલ્હી,તા.૧૦

'લવ જેહાદ' સંબંધિત કેસમાં સુપ્રીમ કોર્ટે ઓડિશા, જમ્મુ-કાશ્મીર અને ચંદીગઢ પ્રશાસનને નોટિસ મોકલી છે. સુપ્રીમ કોર્ટ તરફથી આ નોટિસ ઓડિશાના એક દંપતી દ્વારા આ અરજી કરવામાં આવી છે, જેમાં તેઓએ તેમની ફાર્માસિસ્ટ પુત્રીને 'લવ જેહાદ'થી બચાવવા માંગ કરી હતી. લવ જેહાદ શબ્દ વર્ષ ૨૦૧૭-૧૮ના સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં કેરળના હડિયા-સફિન જહાં આ કેસમાં જોડાયા હતા.

ન્યાયમૂર્તિ યુ.યુ. લલિત, ન્યાયમૂર્તિ અજય રસ્તોગી અને ન્યાયાધીશ અનિરુધ્ધ બોઝની ખંડપીઠે એડવોકેટ સુદર્શન મેનનની દલીલો સાંભળ્યા પછી ત્રણ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સંબંધિત મામલે સરકારને નોટિસ ફટકારી છે. સુનાવણી દરમિયાન વકીલે યુવતીને ચંદીગઢમાં મુસ્લિમ યુવક સાથે લગ્ન કર્યા પછી ગાયબ થયાની વાત જણાવી હતી. વકીલે કહ્યું કે લગ્ન પછી પુત્રી ક્યાં છે, કઈ હાલતમાં છે માતા-પિતાને તેના વિશે કોઈ માહિતી નથી. તેની પુત્રી લગ્ન પછી ગાયબ થઈ ગઇ છે. સુપ્રીમ કોર્ટે જવાબદારોને સુનાવણીની આગામી તારીખ ૨૩ જુલાઈ સુધીમાં પ્રતિ-એફિડેવિટ ફાઈલ કરવા જણાવ્યું છે.

યુવતીના માતા-પિતાએ કહ્યું કે દીકરીએ કોઈ પણ ધર્મ અથવા જાતિમાં લગ્ન કરવા જોઈએ, તેમને તેમાં કોઈ વાંધો નથી. તેણે કહ્યું કે તેમની પુત્રી તેની પસંદગીની જગ્યાએ લગ્ન કરી શકે. જો તે હિન્દુ, ખ્રિસ્તી અથવા મુસ્લિમ છોકરા સાથે લગ્ન કરે છે, તો તે કોઈ પણ રીતે નુકસાન કારક નથી. તેણે કહ્યું કે તેને ડર છે કે લગ્ન માટે તેમની પુત્રી પર દબાણ કરવામાં આવ્યું છે. યુવતીના માતા-પિતાએ જણાવ્યું કે જે યુવકે તેની પુત્રી સાથે લગ્ન કર્યા છે તે હિન્દુ છોકરીઓને ફસાવતી ટોળકીનો સભ્ય હતો. તેમના માતા-પિતાને આ વાતને લઈને ચિંતા થઈ રહી છે.

યુવતીના માતાપિતાએ કહ્યું કે તેઓ ચંદીગઢ ગયા અને પુત્રીને પોતાની સાથે લાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમના પ્રયત્નો નિષ્ફળ ગયા.

મુસ્લિમ યુવક આ સાથે, તેમની પુત્રીએ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં સુરક્ષા માટે અપીલ કરી હતી. બાદમાં આ અરજી પાછી ખેંચી લેવામાં આવી અને તે બંને ગાયબ થઈ ગયા. માતા –પિતાએ કહ્યું કે અમે મારી પુત્રીનો સંપર્ક કરી શક્યા નથી. યુવતીના માતા-પિતાને સતત એ વાતનો ડર છે કે તેમની પુત્રી સાથે કોઈ અનિચ્છનીય બનાવ ન બની જાય.

## ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચમાં પ્રમુખ સમીરન પાંડાનું નિવેદન

# સમય જતા ફ્લૂ જેવો થઈ જશે કોરોના, દર વર્ષે લેવી પડી શકે છે વેક્સિન



ન્યુ દિલ્હી,તા.૧૦

દેશમાં કોરોના મહામારીની બીજી લહેર હજી પણ કહેર વરસાવી રહી છે. પરંતુ એક્સપર્ટ્સના અનુમાન મુજબ, થોડો સમય પસાર થયા પછી કોરોના બીમારી સામાન્ય ફ્લૂ જેવી થઈ જશે. તે ઉપરાંત તેમણે એમ પણ કહ્યું કે જે વસ્તી પર વધારે જોખમકારક સાબિત થઈ શકે છે, તેથી દર વર્ષે કોરોના વેક્સિન લેવાની જરૂરત પડી શકે છે. તાજેતરમાં દેશમાં કોરોનાની ત્રીજી લહેરને લઈને પૂર્વ તૈયારીઓ કરવામાં આવી રહી છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે, જો લોકોએ કોવિડ પ્રોટોકોલનું પાલન કરશે નહીં, તો આગામી ૬થી ૮ સપ્તાહમાં જ કોરોણાની ત્રીજી લહેર આવી શકે છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચમાં ડિવિઝન ઑફ એપિડેમિયોલોજી એન્ડ કમ્યુનિકેબલ ડિસીઝના પ્રમુખ સમીરન પાંડા અનુસાર, કેટલાક સમય બાદ કોવિડ-૧૯ એન્ડેમિક સ્ટેજ પર પહોંચી શકે છે. સેન્ટર્સ ફોર ડિસીઝ પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ મુજબ, કોઈ ભૌગોલિક ક્ષેત્રમાં વસ્તીમાં કોઈ બીમારી કે સંક્રમક એજન્ટની હાજરી અથવા તેના પ્રસારને એન્ડેમિક કહેવામાં આવે છે.

તેમણે જણાવ્યું કે, 'જયારે નાનો વાયરસ ઝડપથી વધે છે, તો તેમના માટે મ્યુટેશન એક સામાન્ય બાબત છે. એક્સપર્ટ્સ કહે છે કે, કોરોના વાયરસ થોડા સમય બાદ ઈન્ફ્લ્યૂએન્ઝાની જેમ એન્ડેમિક સ્ટેજ પર પહોંચી જશે. ત્યાર બાદ જેના પર વધુ જોખમ હશે તેવી વસ્તીએ દર વર્ષે તેની રસી લેવી પડશે.' સાથે જ તેમણે જણાવ્યું કે, ઈન્ફ્લ્યૂએન્ઝા પણ ૧૦૦ વર્ષ પહેલા પેન્ડેમિક એટલે કે મહામારી હતો, જે હવે એન્ડેમિક થઇ ગયો છે.

તેમણે કહ્યું, કોરોના મહામારી પણ ધીમે ધીમે પોતાની હાલની પરિસ્થિતિમાંથી બદલાઈને એન્ડેમિક બની જશે. હાલ અમે વૃદ્ધોને દર વર્ષે ઈન્ફ્લ્યૂએન્ઝાની રસી લેવાનું કહીએ છીએ. તેમણે જણાવ્યું, જેવી રીતે ઈન્ફ્લ્યૂએન્ઝા મ્યુટેટ કરતો રહે છે, તેવી જ રીતે અમે વેક્સિનમાં મામૂલી બદલાવ કરતા રહીએ છીએ. જેથી ગભરાવવાની જરૂર નથી. હાલની કોરોના વેક્સિન નવા વેરિએન્ટ વિરુદ્ધ ઘણી પ્રભાવી છે.પાંડાએ જણાવ્યું કે, વેક્સિન સંક્રમણથી બચાવતી નથી પરંતુ બીમારીને ગંભીર થવા દેતી નથી. તેમણે એમ પણ કહ્યું કે, આઈસીએમઆરમાં થયેલા પ્રયોગોમાં સાબિત થયું છે કે ભારતની કોરોના વેક્સિન નવા વેરિએન્ટ સામે પણ પ્રભાવી છે. જોકે, અલગ-અલગ સ્ટ્રેન્સ પર પ્રભાવકારીતામાં અંતર આવી શકે છે.

# તંત્રી લેખ

## એક જ બાળક હશે તો ૨૦ વર્ષ સુધી મફત શિક્ષણ, સારવાર

યુપી સરકારે રાજ્યમાં પોપ્યુલેશન કન્ટ્રોલના કાયદો લાગુ કરવા માટેની તૈયારી કરી લીધી છે.આ માટેનો ડ્રાફ્ટ બનાવીને તૈયાર છે.આ ડ્રાફ્ટમાં કરવામાં આવેલી જોગવાઈઓ અંગે મળતી વિગતો પ્રમાણે ૨થી વધારે બાળકો હોય તેમને સરકારી નોકરી માટે અરજી કરવાથી માંડીને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ લડવા પર રોક લગાવવાનો પ્રસ્તાવ છે.આ ડ્રાફ્ટને સરકારની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યો છે અને ૧૯ જુલાઈ સુધી તેના પર લોકોના મંતવ્યા માંગવામાં આવ્યા છે.આ ડ્રાફ્ટ એવા સમયે રજૂ કરાયો છે જ્યારે ૧૧ જુલાઈએ યોગી સરકાર નવી પોપ્યુલેશન પોલિસી જાહેર કરવા જઈ રહી છે.જો કાયદો લાગુ થયો તો બેથી વધારે બાળકો પેદા કરનારા સરકારી નોકરી માટે એપ્લાય નહીં કરી શકે અને તેમને બઢતી પણ નહીં મળશે.સાથે સાથે ૭૨ જેટલી સરકારી યોજનાઓના લાભ અને ગ્રાન્ટથી પણ આવા લોકોને વંચિત રહેવુ પડશે.સાથે સાથે સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડનારા ઉમેદવારોએ બેથી વધારે બાળકો પેદા નહીં કરીએ તેવુ સોગંદનામુ પણ આપવુ પડશે અને જો તેઓ બેથી વધારે બાળકોના માતા કે પિતા બનશે તો તેમની ચૂંટણી રદ કરવામાં આવશે.જો બાળકોના માતા પિતા સરકારી નોકરીમાં છે અને નસબંધી કરાવે છે તો તેમને વધારાનુ ઈક્રીમેન્ટ, પ્રમોશન, સરકારી આવાસની યોજનામાં છૂટ આપવાની પણ ભલામણ કરવામાં આવી છે.બે બાળકો ધરાવતા દંપતિ જો સરકારી નોકરીમાં નથી તો તેમને પાણી, લાઈટ, ઘરવેરા તેમજ હોમલોનમાં પણ વધારે સુવિધા આપવાની જોગવાઈ કરવામાં આવી છે.સાથે સાથે એક જ બાળક હોય અને નસબંધી કરાવે તેવા માતા અથવા પિતાના સંતાનને ૨૦ વર્ષ સુધી મફત સારવાર, શિક્ષણ તેમજ સરકારી નોકરીઓમાં પ્રાથમિકતા આપવામાં આવશે.

## પેટ્રોલ ડીઝલના અસહ્ય ભાવવધારાના વિરોધમાં પાટણ કોંગ્રેસની જન ચેતના અંતર્ગત સાઇકલ રેલી



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાના આદેશ અનુસાર પાટણ જિલ્લા ,

શહેર તેમજ તાલુકા કોંગ્રેસ સમિતિના કાર્યકર્તાઓ દ્વારા શહેરના કનસડા દરવાજાથી હિંગળાચાચર ચોક સુધી પેટ્રોલ ડીઝલના અસહ્ય ભાવ વધારાને લઈને જન ચેતના સંમેલન કાર્યક્રમ અંતર્ગત સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું

આ સાયકલ રેલીમાં જોડાયેલ આગેવાનો, કાર્યકર્તાઓએ ભાજપ સરકારમાં કૂદકે ને ભૂસકે વધી રહેલી અસહ્ય મોંઘવારી ,પેટ્રોલ ડીઝલના ભાવ વધારાને લઈને લોક જાગૃતિ અંગેના સૂત્રોચ્ચાર કર્યા હતા આ જન ચેતના સાયકલ રેલીમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શંકર જી ઠાકોર, જિલ્લા પંચાયત વિરોધપક્ષના નેતા અશ્વિનભાઈ પટેલ, પાટણ નગરપાલિકા વિરોધ

પક્ષ ના નેતા ભરતભાઈ ભાટીયા , ભુરાભાઇ ,યાસીન મિર્ઝા , ભાવિક રામી , સહિત ૧૦૦ થી વધુ

કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા

# મોટી રાહત: લાંબા સમય બાદ સુરત સહિત દ.ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘરાજાની એન્ટ્રી

ગાંધીનગર,તા.૧૦

ગુજરાતમાં મેઘરાજાએ લાંબા વિરામ બાદ ફરીથી દસ્તક દીધી છે. દક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં આજે મેઘરાજાની સવારી આવી પહોંચી હતી. સુરત, નવસારી, વલસાડ સહીતનાં વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. જ્યારે અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. જ્યારે અમદાવાદ સહિતના મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના વિસ્તારો મેઘરાજાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

મેઘરાજાના બ્રેક બાદ આજે સુરતમાં વરસાદી માહોલ જામ્યો હતો. સુરતના વાતાવરણમાં આજે એકાએક પલટો આવ્યો હતો. અને સુરતના ઉધના દરવાજા, મજુરા ગેટ, રાંદેર વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત અડાજણ, પારલે પોઈન્ટ, અઠવા ગેટમાં પણ વરસાદ ખાબક્યો હતો. ઉલ્લેખનીય છે કે, સતત ૭ દિવસથી બફારાવાળું વાતવરણ હતું. અને આજે આખરે વરસાદી માહોલ જામતાં વાતાવરણમાં ઠંડક પસરી હતી.આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં નવસારીમાં પણ લાંબા વિરામ બાદ વરસાદ વરસ્યો હતો. નવસારી શહેર સહિત આજુબાજુના વિસ્તારમાં વરસાદ ખાબક્યો હતો. શહેરના તિઘરા, ઈટાળવા, જલાલપોર સહિતનાં વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. વરસાદ વરસતાં ભારે ગરમી અને બફારામાં લોકોને રાહત મળી હતી. અને વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

આ ઉપરાંત વલસાડ જિલ્લામાં વરસાદી માહોલ સર્જાયો છે. વલસાડના પારડી, વાપી, ઉમરગામમાં વરસાદ ખાબક્યો હતો. પવન સાથે ધોધમાર વરસાદથી ઠંડક પ્રસરી ગઈ હતી.

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૬૧)

### વર્ષા જાની

મુશ્કેલી ઈશ્વરનો સંકેત છે. ઈશ્વરની દેન છે.કેમકે કેટલીક મુશ્કેલી જીવનનો તદ્દન નવો જ વળાંક આપનારી સાબિત થતી હોય છે.જીવનની પરીક્ષાઓ તો વારંવાર લેવાતી હોય છે. એમાં સારા માર્ક મેળવી ઉતીર્ણ થનાર પોતાની ધારેલી મંઝિલ સુધી અવશ્ય પહોંચી શકે છે.

સમાજ...


લોકો..., કુટુંબ... સ્વજનો.. આમ કેટલાય અલગ અલગ પરીક્ષકો પરીક્ષાર્થીની કસોટી કરવામાં જરાય ઉણપ રાખતા જ નથી ને! ઘણીવાર વિદ્યાર્થીઓ માટે એકાદ બે પેપર ખૂબ અઘરાં નીકળી જાય છે, તેમ જીવનની પરીક્ષામાં પણ કેટલાંક પેપર અઘરાં પડી જાય છે! કુટુંબનાં નાતે સમાજને લીધે પરિવાર તરીકે જોડાયેલા હોય.છતાંય ઈર્ષા,જીદ, અહંકાર, હુંપદ, બદલો લેવાની બૂરી માનસિકતા, જતું ન કરવાની ભાવના આવી બધા જ પ્રકારની મનોવૃત્તિ માણસને અંદરથી જંપીને બેસવા દેતી જ નથી.અને એટલે જ અંદરનો ઝેરીલો સાપ જ્યાં ત્યાં ઝેર ઓક્યા કરે છે! દંશ માર્યા કરે છે! પરિણામે કુટુંબમાં અંગત સંબંધમાં વિખવાદ ઊભો થાય છે! પોતાની કહેવાતી સમજણનાં ચક્ષુથી બધાને એક જ નજરે નિહાળવા લાગે ત્યારે બહું જ ગલત બાબતો સર્જાય છે.અને એનાં બહું જ ઘેરા પ્રત્યાઘાત સગપણને પણ ડામાડોળ કરી નાંખતા હોય છે! પણ પછી કોઈ એક તરફના વ્યક્તિઓ

સમજતા હોવાં છતાં જતું કરીને સંબંધ સાચવી લેવામાં જ માનતા હોય છે.

**'ઊંઘમાં છું'- ડોળ હું કરતો રહ્યો,**
**ને મજાની ચાલ એ ભરતો રહ્યો.**
**સાચવી લેવો હતો સંબંધને,**
**પાનખર ન્હોતી છતાં**
**ખરતો રહ્યો.**

કેટલીયવાર સંબંધને સાચવવા પાનખર ન હોવાં છતાંય પાનખર થઈને ખરી જવું પડે છે!પણ એ પાનખરની પણ એક અંગત મજા, મિજાજ હોય છે, એક પ્રકારની અંતરની ખુમારી અનુભવાય છે. ભલેને જેને જેવા સમજવા હોય એવાં સમજે પણ હું મારો આતમનો અવાજ અનુસરીશ.અને એમાં જ જીવનની મજા છે. કેમકે આવા ગમાઅણગમાની હુસાતુસીમાં જીવનની અણમોલ ક્ષણો કેટલી બધી વેડફાઈ જાય છે. એકબીજાની સાથે માણવાની, મન ભરીને જીવી લેવાની સુહામણી સોનેરી ઘડી રેત બનીને સરકી જઈ રહી છે! સમયનાં આ વહેણમાં મારો મુકામ ક્યાં સુધી છે? એ તો કોઈ જ જાણી શક્યું નથી! ટેમ્પરેચર માપવાના થર્મોમીટરની જેમ પૃથ્વી પરના શ્વાસ ઉછવાસ કેટલા હજી બાકી રહ્યાં છે એવું કોઈ ઈશ્વરીય યન્ત્ર હજી સુધી જડ્યું જ નથી!અને કોઈને

જડશે પણ નહીં!હા,સમજણનો દીવડો જો યોગ્ય જ્યોત જલાવે તો સૂર્ય કરતાં પણ વધારે પ્રજવલિત બનીને ઉત્તમ જીવન પ્રકાશ બક્ષી શકે! સમજણ તો આપોઆપ કેળવાતી હોય છે, પરિસ્થિતિ સામે લડતા લડતા સમજણનો દીવડો પ્રગટતો હોય છે. એટલે જ કહી શકાય કે પરિસ્થિતિ એ સમજણની જનક છે. × સોળે સાન, વિસે



વાન × જીવન માટે એટલા જ જરૂરી છે. સોળની ઉંમરે પહોંચ્યા પછી સાનમાં સમજણ પડવી જોઈએ . સાન (બુદ્ધિ )ઠેકાણે ન હોય તો માણસ સાનમાં (ઈશારો )સમજી શકતો નથી.તેથી મુરખમાં ખપે છે! સમજદારને ઈશારો જ કાફી હોય છે.


આમ પણ જેને સમજવું જ નથી કે સગપણ, સંબંધ જેવું કશુંય રાખવું નથી. કદાચ પરાણે પરાણે ધક્કા ગાડીએ ચાલતા સંબંધને વાયરસે સરસ બહાનું મેળવી આપ્યું! અંતરનું અંતર તો હતું જ પણ વાયરસે ઢાળ વધારી દીધો.

**આમ તો અંતર ઘણું આ**
**માણસો વચ્ચે હતું,**
**વાયરસ આવ્યો તો જાણે ઢાળ**
**ઢળતાનેમળ્યો.**
**બાકી તો....**
**આંખમાં અમી તો દુનિયા**
**ગમી**
**જીભમાં અમી તો દુનિયા**
**નમી**

વર્ષા જાની
ભાવનગર
જુલાઈ ૨૦૨૧
(સંદર્ભ શેર.. કવિ સાકેત દવે )

# સદાબહાર સૂર - ૨૮

## અવિનાશ વ્યાસ




અવિનાશ વ્યાસની રચનાઓમાં એમનો પોતાનો સૂર, પોતાની આગવી કલ્પના, આગની શૈલી ઝીલાયેલી હોવા છતાં એ ક્યારેક લોકગીતની કક્ષાએ મૂકી શકાય એવા મઝાનાં બન્યા છે કારણકે એમાં લોકગીતની ઝલક ભારોભાર અનુભવાય છે. સુરેશ દલાલ કહેતા કે, " ગીતનું ગંગોત્રીસ્થાન લોકગીત છે. લોકગીતમાં કાવ્યસૌષ્ઠવ ઓછું હોય પણ એના ભાવ સાવ સ્વાભાવિક અને માર્મિક હોય છે."

અવિનાશ વ્યાસના ગીતોમાં સુરેશ દલાલે કહ્યું એમ ગંગોત્રીસ્થાને બિરાજેલા લોકગીતો જેવી અનુભૂતિ છલકાય છે.

લોકગીત એટલે છલોછલ છલકતાં ગ્રામ્યજીવનનું દર્શન. ગામની કલ્પના કરીએ અને આપણા મનમાં જે દ્રશ્ય દેખાય એમાં ઊગતા સૂરજની સાખે થતાં મંદિરના ઘંટારવ સંભળાય, રાશે જોડેલા બળદોને હંકારી જાતા ખેડૂઓ દેખાય, માથે ઈંઢોણી અને એની પર ગોઠવાયેલા બેડાં લઈને હલકભેર હાલી જતી ગામની દીકરી કે નાક સુધી લાજ ખેંચીને નીચી નજરે જતી વહુવારુઓ દેખાય. સાંજ પડે ગામની પાદરે ઘેઘુર વડલાની છાયા હેઠળ ભેગા થયેલા વડીલો દેખાય, સમી સાંજે ગોધૂલી એટલે કે ચરીને આવતી ગાયોના લીધે આછી આછી ઊડતી રજ નાક સુધી પહોંચતી અનુભવાય. આ વાત કરવાનો હેતુ એ જ કે હવે આપણે અવિનાશ વ્યાસ રચિત જે ગીતની વાત કરવાના છીએ એ ગીત પણ ક્યાંક અજાણતા લોકગીતની શ્રેણીમાં મુકાયેલું જોયું છે.

**"છલકાતું આવે બેડલુ"**
**યાદ આવે છે?**

**છલકાતું આવે બેડલું !**
**મલકાતી આવે**
**નાર રે મારી સાહેલીનું બેડલું**
**–**

વાત એમાં સાવ સાદી છે. ગામની એક નારીને, કદાચ ગામની દીકરી પણ હોઈ શકે જેને ગરબો કોરાવો છે, એ ગરબાને મુકવા માંડવડી તો જોઈશે ને? એ માંડવડી ઘડવા સુતારી, એને મઢવા લુહારી, રંગવા રંગારીય જોઈશે. માંડવડી તૈયાર થઈ ગઈ. હવે જેના માટે આ બધી તૈયારી કરી છે એવો ગરબો તો સૌથી મહત્વનો. વળી કોરેલા ગરબા માંહી મુકવા કોડિયું જોઈશે તો એના માટે કુંભાર, પ્રગટાવવાની દિવેટો માટે પિંજારી, એમાં દિવેલ પુરવા ઘાંચી અને અંતે એને શણગારવા મોતીઆરો આવશે અને પછી જ એ હિલોળે ચઢશે અને એમ કંઈ એકલા એકલા રંગત ના જામે એટલે એ ગામની બેની, દીકરિયું, વહુવારુ અને ભાભીનો પણ સાથ જોડશે.

અહીં અવિનાશ વ્યાસની આ રચનામાં મને ગામમાં એક નાનકડા ઉત્સવને લઈને જે ઉત્સાહ ઉમટે છે એનો પડઘો સંભળાય છે. અહીં સાહેલીનું બેડું જ નથી છલકાતું, એમાં છલકાય છે એ નારીનો ઉમંગ, એની ઊર્મિઓ. કેવા હેતે, કેવા ભાવે એ દીકરી સૌને પોતાના રાજીપામાં જોડાવાનું ઈજન આપે છે? ગામ આખું જાણે એક થઈને હિલોળે ચઢશે.

એક તરફ છે આવા ઉમંગની છોળો તો બીજીય એક બાજુ છે જે આપણું ભીતર ભીંજવી દે એવી વ્યથાઓ કારણકે કદાચ ગામની દીકરી જેટલી દરેક વહુઓ નસીબની ઉજળી નથી હોતી. ગામની સાહેલી સાથે તો એના ઉમંગો, તરંગો સાથે તાલ મિલાવે એવા સૌ છે પણ આવા ગામમાં ક્યાંક કોઈ એવી માવતરને છોડીને આવેલી વહુવારુ ય છે જેનો સાસરામાં સ્નેહથી સમાવેશ નથી, ઉમળકાભેર આવકાર નથી, જ્યાં એના હ્રદયની વાત સાંભળનાર, એની વ્યથા સમજનાર કોઈ નથી ત્યારે એના માટે વાતનો વિસામો જ કૂવો છે.

ક્યારેક પેલા વડીલ જેવા ઘેઘૂર વડલાના સ્થાને જેનું તળ ઊંડું છે એવો કૂવોય આ વહુઓની વ્યથાને અને ક્યારેક એ વહુને પોતનામાં સમાવીને ય નિતાંત સ્થિર બની જાય છે.

**કૂવાના કાંઠડે હું એકલી**
**કૂવો જાણે વહુવારુની વાત**
**રેપવહુનો**
**ઓજી રે વહુનો વિસામો છે**
**કૂવાનો ઘાટ**
**હજુય આગળ નોંધારી સ્ત્રીની વેદના ઠાલવતા ગીતકાર લખે છે કે પ**
**ઉરમાં અરમાન પૂર્યા આંસુની**
**સાંકળે,**
**ઉર બોલ્યું ને મારું દુઃખ કૂવો**
**સાંભળે..**
**ભર્યા રે સાસરીએ મારી**
**નોંધારી જાત,**
**સાસુ સતાવે ને ધણી ના બોલે**
**તો**
**વહુ જઈને કૂવાની કાયા**
**ઢંઢોળેપપ.**

થોડામાં ઘણું કહી જતા આ ગીતના શબ્દે શબ્દે વ્યથા ટપકે છે. ૬૬માં રાષ્ટ્રીય ફિલ્મ અવૉર્ડની શ્રેણીમાં શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો અવૉર્ડ જીતનાર સૌ પ્રથમ ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો' યાદ છે ને?

અહીં પણ પિતૃ-પતિ-પુરુષપ્રધાન સંસ્કારો વચ્ચે પીસાતી સ્ત્રીઓની વાત છે. દરરોજ સવારે દૂરના સ્થળે પાણી લેવા જાય ત્યારે એમને આ બંધિયાર હવામાંથી થોડો સમય છુટકારો મળે,

ત્યાં તેમને જાણે ખુલ્લી હવામાં શ્વસવાનો, મુક્તપણે કંઈક કહેવાનો, એમની લાગણીઓને વહેવાનો, થોડીક ક્ષણો જીવી લેવાનો સમય મળે જે એને અવસર જેવો લાગે જ્યારે અહીં આ ગીતમાં વહુઓને કૂવો એમની વ્યથા ઠાલવવા મા કે બાપના ખોળા જેવો લાગે છે.

અવિનાશ વ્યાસની આ રચના અંગે એક જરા અજાણી રહી ગયેલી વાત હું રજૂ કરવાની હતી. યોગાનુયોગે ૧૧મી જુલાઈએ યોજાયેલા વ્યક્તિ અને અભિવ્યક્તિ એટલેકે અવિનાશ વ્યાસ અને એમની સાથે સંકળાયેલી કેટલીક વ્યક્તિઓની અભિવ્યક્તિના આ કાર્યક્રમમાં આ ગીત ખાસ જેના માટે લખાયું હતું એવી એક કલ્ચરલર અકાદમીના ડિરેક્ટર ( કેતા ઠક્કર) હાજર હતા અને એમણે એ સ્ટેજ પર પરફૉર્મ કર્યું એ સમયની વાત કરી હતી. આ પ્રસંગે હાજર શ્રોતા મિત્રો તો જાણે જ છે પણ આ લેખમાળાના વાચક માટે મને એનો ઉલ્લેખ કરવો છે.

આ પરફૉર્મન્સમાં એક નવિનતાની દ્રષ્ટિ ઉમેરાઈ હતી. એમાં ન તો તાળીનો અવાજ હતો કે ન તો ચપટીનો અવાજપ જાણે તાળી -ચપટીને મ્યુટ પર મૂકી દીધા હતા. કલાકારોએ આ વ્યથાના પ્રતીકરૂપે કાળા કપડાં પસંદ કર્યા હતાં. સૌ કોઈએ એ સમયની વહુવારુઓની સામાજિક સ્થિતિ દર્શાવતો માથેથી ગળા સુધી ઘૂમટો તાણ્યો હતો. સ્ટેજ પર આછા પ્રકાશ પર આછા લાલ અને ભૂરા રંગના ફિલ્ટરનો ઉપયોગ કર્યો હતો. ગીતના અંતે કલાકારોએ જ વર્તુળમાં ગોઠવાઈને જાણે કૂવો, એના થાળાનો અને એમાં એક કલાકાર પડતું મૂકશે એવો આભાસ સર્જી ગરબાનો અંત આણ્યો હતો.

અવિનાશ વ્યાસે શબ્દોમાં રજૂ કરેલી નારીના મનની વેદના, વ્યથાને આવી હદયસ્પર્શી રીતે, હદયને ઝંઝોડી મૂકે એવી રીતે કૉરિયૉગ્રાફ થયેલી જોઈને આખુય સભાગૃહ સ્તબ્ધ અને સ્થિર બની ગયું હતુંપ

આજે પણ આ ગરબો સાંભળું એટલી વાર એ પરફૉર્મન્સ નજર સમક્ષ દેખાય છે.

આવી તો અવિનાશ વ્યાસની કેટલીય સાવ અનોખી રચનાઓ અને અનોખી વાતો છે જેના વિશે આપણે વાત કરવા મળતા રહીશું.




ભક્તો ભગવાનનાં મંદિરમાં તો દર્શન કરવા બારેમાસ જાય છે, પરંતુ અષાઢી બીજ એક એવો અવસર છે જ્યારે ભગવાન સ્વયં ભક્તોને દર્શન આપવા તેમની પાસે જાય છે. પુરી અને અમદાવાદ સહિત અનેક શહેરોમાં અષાઢી બીજે જગન્નાથજીની રથયાત્રા નીકળે છે, જેમાં લાખો ભક્તો દર્શનનો લાભ લે છે અને રથનું દોરડું ખેંચીને વૈકુંઠ પ્રાપ્તિનો માર્ગ મોકળો કરે છે.

જગન્નાથજીની રથયાત્રા પાછળની કથા ખૂબ જ રસપ્રદ છે. એવું માનવામાં આવે છે કે એક વાર દેવી સુભદ્રા પોતાની સાસરીમાંથી દ્વારિકા આવ્યાં હતાં. તેમણે પોતાના બંને ભાઈઓને નગરદર્શનની ઈચ્છા જણાવી. શ્રીકૃષ્ણ અને બલરામે તેમને એક રથ પર બેસાડયાં અને તેઓ અલગ-અલગ રથ પર સવાર થઈ ગયા. સુભદ્રાનાં રથને વચ્ચે રાખવામાં આવ્યો અને ત્રણેય ભાઈ-બહેનો નગરયાત્રા પર નીકળી પડયાં. સુભદ્રાજીની નગરયાત્રાની ઈચ્છાની સ્મૃતિમાં જગન્નાથપુરીમાં દર વર્ષે રથયાત્રા નીકળે છે અને દસ દિવસ સુધી ઉત્સવ ચાલે છે.

શ્રી જગન્નાથ મંદિરમાંથી દર વર્ષે રંગેચંગે રથયાત્રા નીકળે છે. રથ પર સવાર શ્રીકૃષ્ણ, બલભદ્ર અને સુભદ્રાજીનાં દર્શન કરીને ભક્તો ધન્યતા અનુભવે છે. ધ્યાનથી જોવામાં આવે તો ત્રણેય મૂર્તિઓ સામાન્ય મૂર્તિઓથી એકદમ અલગ છે. રથયાત્રાની ત્રણે મૂર્તિઓનો ઉપરનો ભાગ અધૂરો જોવા મળે છે. તેની પાછળ પણ એક કથા જોડાયેલી છે.




તે કથા પ્રમાણે રાજા ઈન્દ્રદ્યુમ્ન પોતાના પરિવાર સાથે નીલાંચલ સાગર પાસે ઓરિસ્સામાં રહેતા હતા. એક વાર રાજા ઈન્દ્રદ્યુમ્નને ઈચ્છા થઈ કે ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રાજીની મૂર્તિ બનાવવામાં આવે. આ વિચાર સતત તેમનાં મનમાં ચાલ્યા જ કરતો હતો. એક દિવસ તેઓ આ જ વિચારમાં ડૂબેલા હતા. એવામાં સમુદ્રમાં એક મોટું કાષ્ઠ (લાકડું) તરતું જોયું. તેમને આંતરિક પ્રેરણા મળી કે આ કાષ્ઠમાંથી જ મૂર્તિઓનું નિર્માણ કરીએ તો! પરંતુ એક સમસ્યા ઊભી થઈ, તે હતી યોગ્ય શિલ્પીની શોધ.

એવું કહેવાય છે કે જગન્નાથ સ્વામીએ દેવતાઓનાં શિલ્પી વિશ્વકર્માને રૂપ બદલીને નરેશની પાસે મોકલ્યા. વૃદ્ધ વ્યક્તિનો સ્વાંગ રચીને વિશ્વકર્મા રાજા પાસે આવ્યા. આ વૃદ્ધ શિલ્પીએ રાજા સમક્ષ એક શરત મૂકી કે, તે મૂર્તિ તો બનાવશે, પરંતુ એકવીસ દિવસ સુધી તેમનાં કામમાં કોઈ બાધા ન આવવી જોઈએ. રાજાએ શરતનો સ્વીકાર કર્યો, પછી વિશ્વકર્મા હાલમાં જ્યાં જગન્નાથજીનું મંદિર છે, તેની પાસે જ એક ઘરમાં મૂર્તિનિર્માણનાં કામ માટે કાષ્ઠ સાથે જતાં રહ્યા.

રાજાનો પરિવાર જાણતો નહોતો કે આ વૃદ્ધ શિલ્પી કોણ છે. ઘણાં દિવસો સુધી તે ઘરનાં દ્વાર બંધ રહ્યાં. મહારાણીએ વિચાર્યું કે આ વૃદ્ધ શિલ્પી ખાધાપીધા વગર કેવી રીતે કામ કરી શકશે? પંદર દિવસ વીત્યા પછી તેમને લાગ્યું કે વૃદ્ધ શિલ્પી ભૂખને કારણે અત્યાર સુધી તો મૃત્યુ પામ્યાં હશે. મહારાણીએ રાજાને પોતાની શંકા જણાવી, તેથી મહારાજાએ દ્વાર ખોલાવતાં ત્યાં વૃદ્ધ શિલ્પી ન હતાં, પરંતુ તેમનાં દ્વારા અર્ધનિર્મિત ત્રણ મૂર્તિઓ હતી. આ જોઈ રાજા અને રાણી દુઃખી થઈ ગયાં. તે ક્ષણે જ ભવિષ્યવાણી થઈ કે, ×હે નરેશ! દુઃખી ન થશો, અમે આ જ રૂપમાં રહેવા માગીએ છીએ. મૂર્તિઓને દ્રવ્ય વગેરેથી પવિત્ર કરીને તેની સ્થાપનાં કરાવો.×

આ રથયાત્રાકોણે શરુ કરી એ પણ જાણવા જેવું છે. ૧૪૦ વર્ષ પહેલાં જગન્નાથ મંદિરનાં મહંત નરસિંહદાસજીએ પ્રથમવાર ઈ.સ. ૧૮૭૮ની અષાઢી બીજનાં દિવસે રથયાત્રાનો પ્રારંભ કર્યો હતો. નાનાં પાયે શરૂ થયેલી રથયાત્રાનો વ્યાપ આજે એટલો વધી ગયો છે કે તે દેશની બીજા નંબરની સૌથી મોટી રથયાત્રા બની ગઈ છે.

જગન્નાથ મંદિરની સ્થાપના કોણે કરી એ પણ જાણવા લાયક છે. આ મંદિરનો ઈતિહાસ ૪૫૦ વર્ષ જુનો છે. આ ઈતિહાસની જો વાત કરીએ તો આ મંદિરની સ્થાપનાં સારંગજીદાસે કરી હતી. જગન્નાથ મંદિર પહેલાં હનુમાનજીનું મંદિર હતું. આ મંદિરનાં નિર્માણ પાછળ એક આદેશ કારણભુત છે. સારંગજીદાસજીને સપનામાં જગન્નાથજીની મૂર્તી સ્થાપિત કરવાનો આદેશ મળ્યો હતો. જેથી તેઓ પુરીથી નીમકાષ્ઠાની બનેલી મૂર્તીઓ લાવ્યાં, અને સંપુર્ણ વિધિવિધાન સાથે આ મૂર્તીઓની પ્રાણપ્રતિષ્ઠા કરાઇ. અષાઢીબીજનાં દિવસે એટલે કે ૧ જૂલાઇ ૧૯૭૮ માં પ્રથમ રથયાત્રા યોજાઇ હતી.

સરસપુર ભગવાનનું મોસાળ કેવી રીતે બન્યું એ પણ ખૂબ રસપ્રદ છે. ૧૪૦ વર્ષ પહેલા બહુ નાનાં પાયે શરૂ થયેલી રથયાત્રામાં ભગવાનને બળદગાડામાં લઈ જવાતાં હતા. જેમાં સાધુસંતો ભાગ લેતા હતા. તે સમયે સરસપુરમાં રણછોડજીનાં મંદિરમાં સાધુસંતોનું રસોડું રાખવામાં આવતું હતું. બસ તે સમયથી જ સરસપુર ભગવાન જગન્નાથનું મોસાળ બની ગયું. હવે સરસપુરની તમામ પોળોનાં રહિશો રથયાત્રામાં જોડાયેલાં ભકતોને પ્રેમભાવથી જમાડે છે.આપ સહુને મારાં અને મારાં પરિવાર તરફથી અષાઢી બીજ અને રથયાત્રાની ખૂબ ખૂબ શુભેચ્છાઓ..!!

- વૈભવી જોષી

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001